રજીસ્ટરે લીધા તારીખ ૦૪/૦૩/૨૦૨૩
દાખલ તારીખ ૦૪/૦૩/૨૦૨૩
નિકાલ તારીખ ૩૦/૦૪/૨૦૨૬
સમય ગાળો વર્ષ માસ દિવસ
૦૩ ૦૧ ૨૬

દેવભુમિ દ્વારકા જીલ્લાના મે.સ્પેશ્યલ (ઈલે.) જજ સાહેબની અદાલત સમક્ષ,
મુ.ખંભાળીયા.

સ્પે.(ઈલેકટ્રીસીટી) કેસ નં. ૨૫/૨૦૨૩
આંક–

ફરીયાદી શ્રી સરકાર

વિરૂઘ્ધ.

આરોપી નં.૧ રમેશ ઝીણાભાઈ કછટીયા
ઉ.વ.આ.૫૬, ધંધો.ખેતમજુરી, રે.કંડોરણા સીમ, ન્યારા પેટ્રોલ પંપની પાછળ, બોડીસર સીમ, જામખંભાળીયા, તા.ખંભાલીયા, જી. દેવભુમિ દ્વારકા.

આરોપી નં.૨ પરેશ કરશનભાઈ કછટીયા,
ઉ.વ.આ. ૩૬, ધંધો.વેપાર તથા ખેતી,
રે.ધરમપુર ગોવાળ વાળી ગ્રામ પંચાયત રોડ, શ્રીજી સોસાયટીની બાજુમાં, જામખંભાળીયા, તા.ખંભાલીયા, જી. દેવભુમિ દ્વારકા.

ગુનો : ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૮, ૧૫૦ મુજબ

| | |
|---|---|
| ફરીયાદી તરફે | વિદ્વાન પી.પી.શ્રી બી.એસ.જાડેજા |
| આરોપી તરફે | વિદ્વાન વકીલ શ્રી સી.કે.નથવાણી |

**–:: <u>ચુકાદો</u> ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૬/૦૫/૨૦૨૨ ના રોજ કલાક–૯.૩૦ વાગ્યે કંડોરણા વાડી વિસ્તાર, ન્યારા પેટ્રોલ પંપ પાછળના વિસ્તારમા પી.જી.વી.સી.એલ. કંપનીના ગ્રાહક હોય, આરોપી નં.૧ ને ઘરવપરાશ માટેનું બજાણા ફીડરમાંથી વીજ કનેકશન આપેલ હોય તેના વીજ મીટરમાંથી

આવતો સર્વિસ વાયર મકાનના લોડ સાઈડમાં આપવાના બદલે હાથેથી ઉપર નીચે કરી શકાય તેવી સીંગલ ફેસ ચેંજ ઓવર સ્વીચમાં એકબાજુ અનઅધિકૃત આપી સ્વીચમાં વચ્ચેથી બીજો વાયર કાઢી તે મકાનના લોડ સાઈડમાં આપી મકાન થી ૩૦૦ મીટર દુર આરોપી નં.૨ ને ધરપમપુર ફીડરમાંથી ખેતીવાડી હેતુ માટેનું થ્રી ફેસ કનેકશન તેની વાડીની ઓરડીમાં ઉઘડીયુ આપેલ હોય જેના ઈલેકટ્રીક મીટરના સ્ટાર્ટરમાં અનઅધિકૃત કાળા કલરનો સીંગલ ફેસ વાયર જોડી તેનો બીજો છેડો ચેન્જઓવર સ્વીચમાં બીજી બાજુ જોડી બજાણા ફીડરનો પાવર બંધ થાય તો સ્વીચ હાથેથી ઉપર નીચે કરી ધરમપુર ફીડરનો પાવર વાપરી શકાય તેવી કાયમી વ્યવસ્થા કરી પી.જી.વી.સી.એલ. કંપનીની લાઈનમાં ડબલ વાયર જોડી લાઈન સાથે ચેડા કરી વીજ લાઈન ફોલ્ટમાં જાય અને કોઈ કર્મચારી લાઈન રીપેરીંગ કે ચેક કરવા માટે ઉપર ચડે તો તેને ઈલેકટ્રીક સોર્ટ લાગે અને માનવ જીંદગી જોખમાય અને ગંભીર નુકશાન પહોંચે તે રીતે ડબલ પાવર જોડી ગઈ તા.૧૫/૦૫/૨૨ ના આ કામના ચાર્જશીટમાં જણાવેલ સાહેદ નં.૬ વીજ લાઈનમાં ફોલ્ટ થતા ચેક કરવા જતા તેને ડાબા હાથની ભુજામાં જર્ક હળવો સોર્ટ લાગતા આરોપીએ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારૂ ફરીયાદીએ ફરીયાદ આપતા તે ફરીયાદ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. જામનગરમાં સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૧૯૫૭/૨૦૨૨ થી નોંધાયેલ છે. પોલીસ તપાસના અંતે ચાર્જશીટ કરી શકાય તેવા પુરાવા હોવાથી ત.ક.અધિકારીશ્રીએ સબંધિત મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, કલમ–૨૦૭ ની જોગવાઈ અનુસાર પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ છે. આરોપી સામેનો ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવાની હકૂમત હોય, મેજીસ્ટ્રેટ કોર્ટ, ખંભાળીયા

દ્વારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટને કમીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ આવતાં સ્પે. ઈલેકટ્રીસીટી કેસ નં.૨૫/૨૦૨૩ થી નોંધવામાં આવેલો છે.

(૨) સદર કેસ સત્ર ન્યાયાલયમાં સેશન્સ કમીટ થયા બાદ અત્રેની સ્પેશ્યલ અદાલતમાં કાર્યવાહી ચલાવવા માટે આવેલ છે. આરોપી આ કોર્ટમાં હાજર થયા બાદ ફરીયાદપક્ષે અસલ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. તેની નકલ આરોપીને આપવામાં આવેલ છે. ત્યારબાદ ચાર્જની સુનાવણી કરવામાં આવેલ છે. આરોપી સામે આંક : ૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓના પ્રાથમિક નિવેદન આંક : ૦૫ તથા આંક–૦૬ થી લેવામાં આવેલ છે. આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી કેસ ચલાવવાની માંગણી કરતાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**–: મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | સાહેદનું નામ | | આંક |
|---|---|---|---|---|
| ૧. | ફરીયાદી | સીરીનકુમાર પરસોતમભાઈ કણસાગરા | (PW-1) | ૦૭ |
| ૨. | પંચસાહેદ | અભય ગુલાબભાઈ ગોસ્વામી | (PW-2) | ૧૧ |
| ૩. | સાહેદ | મેહુલકુમાર રસીકભાઈ પટેલ | (PW-3) | ૧૩ |
| ૪. | સાહેદ | રાહુલભાઈ કાંતીલાલ હાડા | (PW-4) | ૧૭ |
| ૫. | (PSO) | સંજયભાઈ લાભશંકરભાઈ પંડયા (ASI) | (PW-5) | ૧૮ |
| ૬. | (IO) | ગગુભાઈ રાણાભાઈ મકવાણા | (PW-6) | ૨૨ |

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદ તથા તેની સાથે ફરીયાદ | (P-1/PW-1) | ૦૮ |

| | | | |
|---|---|---|---|
| | નોંધવાનો રીપોર્ટ, | | |
| ૨ | બનાવ અંગેનો તૈયાર કરેલ અહેવાલ તથા તે અંગેનો પત્રવ્યવહાર, | (P-2/PW-1) | ૦૯ |
| ૩ | ઈલે.આસીસ્ટન્ટ આર.કે. હાડાએ બનાવ અંગે પોતાને જર્ક લાગેલ તે બાબતે આપેલ રીપોર્ટ, | (P-3/PW-1) | ૧૦ |
| ૪ | બનાવવાળી જગ્યાનું પંચનામું અસલ, | (P-1/PW-2) | ૧૨ |
| ૫ | સ્થળ પરનું અસલ રોજકામ, | (P-1/PW-3) | ૧૪ |
| ૬ | મુદ્દામાલ કબજે કર્યા અંગે અસલ એનેક્ષ્ચર–૪ | (P-2/PW-3) | ૧૫ |
| ૭ | પોલીસ ધ્વારા આરોપીના કનેકશન અં ગે માંગવામાં આવેલ માહીતીનો પત્ર, | (P-3/PW-3) | ૧૬ |
| ૮ | ગુન્હાની તપાસ ડેપ્યુટ કર્યાનો હુકમ, | (P-1/PW-5) | ૧૯ |
| ૯ | ગુન્હાની સ્ટેશન ડાયરીમાં કરેલ નોંધની પ્રમાણીત નકલ, | (P-2/PW-5) | ૨૦ |
| ૧૦ | આરોપીને ગુન્હા સબંધે કરેલ જાણના પત્રની ઝેરોક્ષ નકલ, | (P-3/PW-5) | ૨૧ |
| ૧૧ | આરોપી નં.૧ એ હળવા દબાણના વીજ જોડાણ માટે પી.જી.વી.સી.એલ. કંપનીને કરેલ અરજીની ઝેરોક્ષ નકલ, | (P-1/PW-6) | ૨૩ |
| ૧૨ | આરોપી નં.૧ ના આધારકાર્ડની નકલ, | (P-2/PW-6) | ૨૪ |
| ૧૩ | આરોપી નં.૧ ના રેશનકાર્ડની નકલ, | (P-3/PW-6) | ૨૫ |
| ૧૪ | આરોપી નં.૧ ની ખેતીના ૭/૧૨ તા ૮–અ ના ઉતારાની ખરી નકલ, | (P-4/PW-6) | ૨૬ |
| ૧૫ | આરોપી નં.૨ના આધારકાર્ડની નકલ, | (P-5/PW-6) | ૨૭ |
| ૧૬ | આરોપી નં.૨ ના રેશનકાર્ડની નકલ, | (P-6/PW-6) | ૨૮ |
| ૧૭ | આરોપી નં.૨ ની ખેતીના ૭/૧૨ તથા ૮–અ ના ઉતારાની ખરી નકલ, | (P-7/PW-6) | ૨૯ |
| ૧૮ | કરશન જીણાભાઈના મરણ પ્રમાણપત્ર ની નકલ, | (P-8/PW-6) | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | મંજુબેન કરશનભાઈના મરણ પ્રમાણપત્ર ની ખરી નકલ, | (P-9/PW-6) | ૩૧ |

(૪) ફરીયાદપક્ષે આંક–૩ર થી વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નથી તેવુ જાહેર કરતી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ હેઠળ વધારાના નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો મહદ અંશે ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, ફરીયાદમાં જે આક્ષેપો કરેલા છે તેવો કોઈ ગુન્હો કરેલ નથી, વીજ કંપનીની મિલકત કે વીજ કંપનીના કર્મચારીને વીજ શોકના કારણે જીવલેણ અકસ્માત થાય તેવું કોઈ કૃત્ય કરેલ નથી. આમ છતાં ખોટી ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે. તેઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને બચાવના સાહેદો તપાસેલ નથી.

(૬) આ કામે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) સદરહું કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુ દૃા ઓ</u> ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે, ગત તા.૧૬/૫/ર૦ર૨ ના રોજ પી.જી.વી.સી.એલ. ખંભાળીયા ગ્રામ્ય પેટા વિભાગ કચેરીના સબ ડીવીઝન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ ન્યારા પેટ્રોલ પપની પાછળ, કંડોરણા સીમ, તાલુકો ખંભાળીયા ખાતે વીજ ચેકીંગ હાથ ધરતા આરોપીઓ પી.જી.વી. સી.એલ.કંપનીના ધારાસરના ગ્રાહક હોય અને આરોપી નં.૧ ને ઘરવપરાશ માટેનું બજાણા ફીડરમાંથી

કાયદેસરનું વીજ જોડાણ આપેલ હોય તેના વીજ મીટરમાંથી આવતો સર્વીસ વાયર મકાનના લોડ સાઈડમાં આપવાના બદલે હાથેથી ઉપર નીચે કરી શકાય તેવા સીગલ ફેઝ ચેન્જઓવર સ્વીચમાં એકબાજુ અનઅધિકૃત આપી સ્વીચમાં વચ્ચેથી બીજો વાયર કાઢી તે મકાનના લોડ સાઈડમાં આપી મકાનથી ત્રણસો મીટર દુર, આરોપી નં.૨ ને ધરમપુર ફીડરમાંથી ખેતીવાડીના હેતુ માટેનું થ્રી ફેઝ કનેકશન તેની વાડીની ઓરડીમાં ઉઘડીયું આપેલ હોય જેના ઈલેકટ્રીક મીટરના સ્ટાર્ટરમાં અનઅધિકૃત કાળા કલરનો સીગલ ફેઝ વાયર જોડી તેનો બીજો છેડો એજ ઓવર સ્વીચ્માં બીજી બાજુ જોડી બજાણા ફીડરનો પાવર બંધ થાય તો સ્વીચ હાથેથી ઉપર નીચે કરી ધરમપુર ફીડરનો પાવર વાપરી શકાય તેવી કાયમી વ્યવસ્થા કરી પી.જી.વી.સી.એલ. કંપનીની લાઈનમાં ડબલ પાવર જોડી લાઈન સાથે ચેડાં કરી વીજ લાઈન ફોલ્ટમાં જાય અને કોઈ કર્મચારી લાઈન રીપેરીગ કે ચેક કરવા માટે ઉપર ચડે તો તેને ઈલેકટ્રીક શોક લાગે અને માનવ જીદગી જોખમાય. આથી તેમ કરી આરોપીઓએ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ કલમ–૧૩૮, ૧૫૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

–: કા ર ણો :–

મુદ્દા નં.૧ ની ચર્ચા :–

(૯) ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા

વંચાણે લીધા. ફરિયાદપક્ષે વિ.સરકારી વકીલશ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૧૦) રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે તે પહેલા ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો તરફ દ્રષ્ટિપાત કરવામાં આવે તો કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામે ફરિયાદપક્ષે આક્ષેપાયેલ ગુનો નિઃશંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપી સામેના ગુનાની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ કે ગુનો સાબિત કરવા સંપૂર્ણ અને સજજડ પુરાવાઓ આપવાના રહે છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના બચાવની નબળાઈનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક માનસિક કસરત કરવાની હોય છે અને પુરાવાઓનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ ચોકકસ પ્રકિયા જણાવવામાં આવેલી નથી. તે જ રીતે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અદાલતે ઘ્યાનમાં રાખવાની હોય છે. સાહેદોની સંખ્યા કે પુરાવાનો જથ્થો અગત્યતા ધરાવતું નથી. માત્ર એક જ માનવા લાયક કે વિશ્વાસપાત્ર સાહેદના પુરાવા આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. સંખ્યાબઘ્ધ સાહેદો કે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદ પક્ષ માટે જરુરી નથી. ન્યાયશાસ્ત્રના સુસ્થાપિત સિઘ્ધાંતો

મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના સંદર્ભમાં આરોપી સામેનું તહોમતનામુ શંકારહિત, સચોટ, સંપૂર્ણ અને સજજડ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષે નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતા હોય અગર તો બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા તેવો બચાવ લેતા હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલાક અંશે પુરાવો રજુ કરવો પડે. આરોપીએ પોતાનો બચાવ ફરિયાદપક્ષ માફક શંકારહિત સાબિત કરવાનો નથી પરંતુ શકયતા પર આધારિત બચાવ સાબિત કરવાનો રહે છે. હાલના કેસમા આરોપીએ બચાવના સાહેદો તપાસેલ નથી કે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગોમા ફરિયાદપક્ષે આરોપી સામેનું આરોપનામું શંકારહીત સાબિત કરવુ પડે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જો ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થતો હોય છે. જયારે ફરિયાદપક્ષના ખુદના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય, અગર તો ઉદ્ભવતી હોય, તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે. પરંતુ શકયતાઓ આધારીત, અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. આરોપીએ "ગુન્હો કર્યો છે" અને "ગુન્હો કર્યો હશે" તે બંન્ને વચ્ચે ઘણુ જ લાંબુ અંતર રહેલુ છે અને આવુ લાંબુ અંતર ફરિયાદપક્ષે જ સચોટ અને શંકારહિત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો ફરિયાદપક્ષ પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત

મુજબ આરોપી વિરુઘ્ઘ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી ન્યાયાધીશે બે પ્રકારની ભૂમિકાઓ અદા કરવાની હોય છે. જેમાં એક નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે, બીજી બાજુ દોષીત વ્યકિત ગુનામાંથી તે છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયાધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરના અને મહત્વના પુરાવાઓને હંમેશા નજર સમક્ષ રાખવાના હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતા જ હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો ફરિયાદપક્ષનાં કેસને મુળમાંથી અસર કરતા ન હોય તો તેની અવગણના કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણશકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આ સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરના પુરાવાઓને ઘ્યાને લેવાના હોય છે. આ તમામ પાયાના સિઘ્ધાંતોને નજર સમક્ષ રાખી હાલના કેસનો ન્યાયિક નિર્ણય કરવામાં આવી રહેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૭ થી ફરીયાદી સીરીનકુમાર પરસોતમભાઈ કણસાગરા (PW-1) નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તા.૧૫/૫/૨૦૨૨ ના અરસામાં તેઓ ગ્રામ્ય સબ ડીવીઝન, ખંભાળીયામાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા. તેઓના કાર્યક્ષેત્રમાં આવતા બજાણા ફીડરમાં ડીમ પાવરની ફરીયાદ મળતા જુનીયર ઈજનેર, આસીસ્ટન્ટ લાઈનમેન તથા ઈલેકટ્રીક આસીસ્ટન્ટને રીપેરીગ માટે કહેલ અને આ રીપેરીગ દરમ્યાન ઈલેકટ્રીક આસીસ્ટન્ટ રાહુલ હાડાને હળવો શોક લાગતા

તપાસ કરવામાં આવેલ. આ તપાસ દરમ્યાન આરોપી રમેશભાઈ ઝીણાભાઈને ઘરવપરાશ માટે બજાણા ફીડરમાંથી કાયદેસર વીજ જોડાણ આપેલ હતુ. તેઓના મીટરમાંથી મકાનમાં જતા સર્વીસ વાયરની તપાસ કરતા તે વાયર મકાનના લોડ સાઈડમાં જોડવાના બદલે ઓસરીમાં ચેઈન્જ ઓવર સ્વીચમાં એક બાજુ જોડેલ હતો અને બીજી બાજુ સીગલ ફેઈઝનો કાળા કલરનો વાયર જોડેલ હતો અને સ્વીચમાં વચ્ચેથી વાયર કાઢી લોડ સાઈડમાં જોડેલ હતો અને કાળો વાયર કરશનભાઈ (આરોપી રમેશભાઈ જીણાભાઈના ભાઈ) ને ધરમપુર ફીડરમાંથી ખેતીવાડીના હેતુ માટે થ્રી ફેઈઝ કનેકશન આપેલ હતુ, તેની મોટરના સ્ટાર્ટરમાંથી ખેંચેલ હતો તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આરોપી રમેશભાઈ જીણાભાઈ ઘરવપરાશ માટે બજાણા ફીડરમાંથી આપેલ વીજ કનેકશનમાંથી તેમજ ખેતીવાડીના હેતુ માટે કરશનભાઈ (આરોપી રમેશભાઈ જીણાભાઈના ભાઈ) આપેલ ધરમપુર ફીડરમાંથી વીજ વપરાશ કરતા હતા અને તેના કારણે રાહુલભાઈ હાડાને હળવો વીજશોક લાગેલ હતો તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, રાહુલભાઈ હાડાએ લેખિત ફરીયાદ આપેલી અને બીજા દિવસે જુનીયર ઈજનેર, ઈલેકટ્રીક આસીસ્ટન્ટ સ્થળ પર ગયેલા અને સ્થળ રોજકામ કરી વાયર તથા ચેઈન્જ ઓવર સ્વીચ કબજે કરેલા અને સ્થળ પર કરેલા કાગળો આ સાહેદ સમક્ષ રજુ કરેલા. આ સાહેદના પુરાવા મુજબ આરોપી રમેશભાઈ જીણાભાઈ અલગ અલગ બે ફીડરમાંથી વીજ વપરાશ કરી વીજ કંપનીની લાઈન સાથે ચેડા કરી માનવ જીદગી જોખમાય અને મોટું નુકશાન થાય તે રીતે ડબલ પાવર ભેગા કરેલા. કરશનભાઈ જીણાભાઈ અવસાન પામેલ હોય અને આરોપી પરેશભાઈ કરશનભાઈ તેઓના

દીકરા થતા હોય આરોપીઓ વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ આપેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક–૮ થી ફરીયાદ, આંક–૯ થી બનાવ અંગેનો વિસ્તૃત અહેવાલ, આંક–૧૦ થી રાહુલભાઈ હાડાએ આ બનાવમાં પોતાને હળવો શોક લાગેલ તે બાબતે આપેલ લેખિત રીપોર્ટ રજુ થયેલ છે.

(૧૧.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૧૧ થી પંચસાહેદ અભય ગુલાબભાઈ ગોસ્વામી (PW-2)નો મૌખીક પુરાવો આપેલ છે. આ પંચસાહેદની જુબાની જોતા તેઓની જુબાનીમાં આંક–૧૨ વાળું પંચનામું રજુ થયેલ છે. આ પંચનામું પોલીસ તપાસ દરમ્યાન તા.૧૭/૬/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આ સાહેદે જુબાની દરમ્યાન તેઓને જામખંભાળીયાથી લાલપુર જવાના રોડ ઉપર કંડોરણા વાડી વિસ્તારમાં ન્યારા પેટ્રોલ પંપની પાછળ બોલાવેલા અને ત્યાં પોલીસે રોજકામ કરી સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તે સમયે ડબલ પાવરનું જણાવતા હતા અને તે સિવાય કોઈ મીટર જોયેલ નથી અને સ્થિતિ જોયેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

(૧૨.૧) આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કે પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી વિ.સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા અદાલતે પરવાનગી આપેલ છે અને ત્યારપછીની જુબાનીમાં આ સાહેદે ફરીયાદપક્ષના કેસને અને પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે.

(૧૨.૨) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતાં

પંચનામું વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભળાવેલ નહી તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલ તે સિવાય પોતાને કોઈ જાત માહીતી નથી અને તેઓની હાજરીમાં પોલીસે કોઈ ચીજવસ્તુઓ કબજે કરેલ નથી તેવી હકીકત સ્વીકારે છે.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૧૩ થી સાહેદ મેહુલકુમાર રસીકલાલ પટેલ (PW-3)નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તેઓ તા.૧૫/૫/૨૦૨૨ ના રોજ ખંભાળીયા રૂરલ સબ ડીવીઝનમાં જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા. આ દરમ્યાન બજાણા ફીડરમાં ડીમ પાવરની ફરીયાદ મળતા આસીસ્ટન્ટ લાઈનમેન તથા ઈલેકટ્રીક આસીસ્ટન્ટને તપાસ કરવા સુચના આપતા તેઓ તપાસમાં ગયેલા તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આશરે અગીયારેક વાગ્યે પી.ડી. પ્રસાદે ફોનથી જાણ કરેલ કે, ડીમ લાઈટની તપાસ કરતા દરમ્યાન રાહુલભાઈ હાડાને હળવો વીજ શોક લાગેલ છે અને તેથી તેઓએ ધરમપુર ફીડરની રૂરલ સેકશન વાળી સ્વીચ કાપવાનું કહેલ અને ત્યારપછી રાહુલભાઈ હાડાને ચેક કરવાનું કહેતા હળવો વીજ શોક લાગેલ નહી અને તેથી ધરમપુર ફીડરમાંથી ડબલ પાવર આવતો હોવાનું જણાયેલ અને તેથી તપાસ કરતા ફરીયાદ હકીકત મુજબ આરોપી રમેશભાઈ જીણાભાઈના રહેણાંક મકાને રહેણાંક હેતુ તથા ઔદ્યોગિક હેતુ માટે આપેલ વીજ કનેકશનનો વીજ પાવર ભેગો થતો હોવાનું જણાયેલ. ત્યારબાદ બીજા દિવસે આ સાહેદ ઈલેકટ્રીક આસીસ્ટન્ટ સાથે આરોપી રમેશભાઈ જીણાભાઈના વીજ કનેકશનની તપાસમાં ગયેલા અને આરોપીએ કરશનભાઈ જીણાભાઈને ખેતીવાડીના હેતુ માટે આપેલ વીજ કનેકશનમાંથી વીજ વપરાશ કરવા વાયર જોડેલાની હકીકત

જોવા મળતા સ્થળ પર રોજકામ કરેલ અને જમીન બહાર દેખાતો કાળા કલરનો વાયર તથા ચેઈન્જ ઓવર સ્વીચ કબજે કરેલ અને ત્યારબાદ સબ ડીવીઝનમાં આવી સ્થાનીક જગ્યાએ તૈયાર કરેલ કાગળો તથા કબજે લીધેલ વાયર તથા ચેઈન્જ ઓવર સ્વીચ નાયબ ઈજનેરને સોંપેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં નાયબ ઈજનેરે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલ અને પોલીસ તપાસ દરમ્યાન તેઓનું નીવેદન લેવામાં આવેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ સાહેદની જુબાનીમાં આંક–૧૪ થી રોજકામ, આંક–૧૫ થી મુદ્દામાલ કબજે કર્યા અંગે એનેક્ષ્ચર–૪ તથા આંક–૧૬ થી આરોપીના વીજ કનેકશન બાબતે પોલીસ અધિકારીએ માંગેલ માહીતી અંગેના પત્રની સ્થળપ્રત રજુ થયેલ છે. વધુમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ ત્યારે તેઓને બોલાવેલા અને પોતે હાજર હતા તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદ જુબાની સમયે આરોપી રમેશભાઈ જીણાભાઈને ઓળખી બતાવેલ છે.

(૧૩.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ રાહુલભાઈ કાંતીલાલ હાડા (PW-4)નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તા.૧૫/૫/૨૦૨૨ ના રોજ ખંભાળીયા રૂરલ સબ ડીવીઝનમાં ઈલેકટ્રીક આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને ઉપરી અધિકારીની સુચનાથી ડીમ પાવરની ફરીયાદ માટે તપાસમાં ગયેલા ત્યારે તેઓને હળવો વીજ શોક લાગેલાની હકીકત જણાવેલ છે. વધુમાં આ અંગેની તપાસ કરતા બજાણા તથા ધરમપુર ફીડરમાંથી ડબલ પાવર આવતો હોવાની હકીકત જણાયેલ અને આરોપીના રહેણાંક મકાને આપેલ વીજ કનેકશનનો અને આરોપીના ભાઈ કરશનભાઈ જીણાભાઈને ખેતીવાડી માટે આપેલ વીજ કનેકશનનો

વીજ પાવર આરોપીના રહેણાંક મકાને ભેગો કરવામાં આવેલ હોય તેવી હકીકત જણાયેલ. તેઓને હળવો વીજ શોક લાગતા સ્થાનીક કચેરીમાં જઈ ફરીયાદ આપેલી અને બીજા દિવસે જુનીયર ઈજનેર તથા ઈલેકટ્રીક આસીસ્ટન્ટ સ્થળ તપાસમાં ગયેલા અને ગુનામાં ઉપયોગમાં લેવામાં આવેલ કાળો વાયર તથા સીગલ ફેઈઝની ચેન્જઓવર સ્વીચ કબજે કરેલી તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ બનાવ સબંધે આરોપીઓ વિરુધધ નાયબ ઈજનેરે ફરીયાદ આપેલી અને પોલીસ તપાસ દરમ્યાન તેઓનું નીવેદન લેવામાં આવેલ તેવી હકીકત જણાવેલ છે.

(૧૪.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ સંજયભાઈ લાભશંકર પંડયા (PW-5) નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તા.૧૬/૬/૨૦૨૨ ના રોજ જી. યુ. વી. એન. એલ. પો.સ્ટે. જામનગરમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને પી.એસ.ઓ. તરીકે ચાર્જમાં હતા તે દરમ્યાન ફરીયાદીની લેખિત ફરીયાદના આધારે ગુનો નોંધી પોલીસ તપાસ સોંપેલી છે અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી છે. આ સાહેદની જુબાનીમાં આંક–૧૯ થી પોલીસ તપાસનો હુકમ, આંક–૨૦ થી સ્ટેશન ડાયરી એન્ટ્રીની નકલ તથા આંક–૨૧ થી આરોપીને ગુન્હો દાખલ થયા સબંધે જાણ કરતા પત્રની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે.

(૧૫.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૨૨ થી ત.ક.અધિકારી ગગુભાઈ રાણાભાઈ મકવાણા (PW-6) નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તેઓ તા.૧૬/૬/૨૦૨૨ ના જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. જામનગરમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા

અને આ ગુનાની તપાસ તેઓને મળતા કાગળોનો અભ્યાસ કરી વર્ક રજીસ્ટરની નકલ તથા આરોપીને વીજ કનેકશન આપેલ તે અંગેના દસ્તાવેજી આધારોની નકલ તેમજ કરશનભાઈ જીણાભાઈ અને તેના પત્ની મંજુબેન કરશનભાઈના મરણ પ્રમાણપત્રની નકલો મેળવી પોલીસી તપાસના કાગળોમાં સામેલ રાખેલ તેવી હકીકત જણાવે છે. વધુમાં તેઓની તપાસ દરમ્યાન ચેકીંગ કરનાર સ્ટાફ અને ફરીયાદ કરનાર અધિકારીના નીવેદન લીધેલા, સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલું અને આરોપીઓ વિરુધ્ધ ગુનો બનતો હોય ગુનાના કામે ધરપકડ કરી પોલીસ તપાસના અંતે ચાર્જશીટ કરેલ તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદે જુબાની સમયે આરોપીઓને ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક–૨૩ થી ૩૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

(૧૬.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે. તે જોતા ફરીયાદવાળો બનાવ તા.૧૬/૫/૨૦૨૨ ના રોજ બનેલો છે અને બનાવની ફરીયાદ તા.૧૬/૬/૨૦૨૨ ના રોજ આપેલ છે એટલે કે એક માસના વિલંબ બાદ આપવામાં આવેલ છે તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં ફરીયાદમાં વિલંબ અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નહીં તેમજ ફરીયાદીએ વિશેષ નીવેદનમાં પણ વિલંબ અંગે ખુલાસો કરેલ નહીં તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં પોલીસ તપાસ દરમ્યાન વીજ કંપનીના અધિકારી સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી તેમજ વીજ ચેકીંગ સમયે કબજે કરેલ મુદ્દામાલ વીજ કંપનીમાંથી મેળવેલ નથી તેવી હકીકત સ્વીકારેલ છે. આ સિવાય ઈન્કાર કરી શકાય તેવા સવાલો પુછવામાં આવેલા છે.

(૧૭) ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદવાળો બનાવ

તા.૧૬/૫/૨૦૨૨ ના રોજ બનેલો છે. આ બનાવમાં ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ રાહુલભાઈ હાડાને વીજ રીપેરીંગની કામગીરી દરમ્યાન હળવો શોક લાગેલ છે. આ હળવો શોક લાગવાનું કારણ આરોપી રમેશભાઈ જીણાભાઈએ પોતાના રહેણાંક મકાને ડબલ પાવર ભેગા કરેલ તેના કારણે વીજ શોક લાગેલ છે. આરોપી રમેશભાઈ જીણાભાઈને કંડોરણા ગામની સીમ વાડી વિસ્તારના મકાનમાં સીગલ ફેઈઝ ઘરવપરાશનું વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ વીજ જોડાણનો વીજ પુરવઠો ૧૧ કે.વી. બજાણા ખેતીવાડી વીજ ફીડરમાંથી આપવામાં આવેલ હતો. આરોપી રમેશભાઈ જીણાભાઈની જમીનની બાજુમાં તેઓના ભાઈ કરશનભાઈ જીણાભાઈ કછટીયાની ખેતીવાડીની જમીન આપેલ છે અને તેઓ ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે. આ વીજ જોડાણ ૧૧ કે.વી. ધરમપુર એ.જી. ફીડર પરથી આપવામાં આવેલ છે અને તે વીજજોડાણનો ભોગવટો પરેશભાઈ કરશનભાઈ કછટીયા કરતા હતા.

(૧૮) આરોપી રમેશભાઈ જીણાભાઈ કછટીયાને રહેણાંક મકાન માટે બજાણા ફીડરમાંથી વીજ જોડાણ આપેલ છે. તેઓએ એક ચેન્જઓવર સ્વીચનો ઉપયોગ કરી તેઓના ભાઈને આપવામાં આવેલ ખેતીવાડી માટેના ૧૧ કે.વી. ધરમપુર ફીડરમાંથી વીજવપરાશ થઈ શકે તેવી ગોઠવણ કરેલ હતી. આમ, બજાણા ફીડરનો પાવર બંધ થાય તો ધરમપુર ફીડરના પાવરનો ઉપયોગ થઈ શકે અને ધરમપુર ફીડરનો પાવર બંધ થાય તો બજાણા ફીડરના પાવરનો ઉપયોગ થઈ શકે તેવી ગોઠવણ કરવાના કારણે ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ રાહુલ હાડાને વીજશોક લાગેલ હતો. આરોપી રમેશભાઈ જીણાભાઈએ બે ફીડરના પાવરનો વીજ વપરાશ કરી

શકાય તેવી ગેરકાયદેસર વ્યવસ્થા ઉભી કરી વીજ કંપનીની વીજ લાઈન સાથે ચેડા કરતા વીજ લાઈન પર રીપેરીંગ કામ કરતા દરમ્યાન કર્મચારી રાહુલભાઈ હાડાને વીજ શોક લાગતા આરોપીએ તહોમતનામા મુજબ ગુન્હો કરેલ છે તેવી હકીકત સાબીત થાય છે.

(૧૯) ફરીયાદવાળો બનાવ બન્યો તે જ દિવસે વીજ કંપનીના કર્મચારીઓએ બનાવ બનવા અંગે તપાસ કરતા આરોપી રમેશભાઈ જીણાભાઈના ઘરે બે ફીડરનો પાવર ભેગો થતો હોવાની હકીકત ખુલવા પામેલ હતી. ત્યારબાદ બીજા દિવસે જુનીયર ઈજનેર મેહુલભાઈ રસીકભાઈ પટેલ અને સ્ટાફે તપાસ કરતા બનાવના દિવસે જે હકીકત ખુલવા પામેલ તે મુજબની સ્થિતિ જોવા મળેલ હતી અને તેથી સ્થળ પર રોજકામ કરવામાં આવેલ અને વીજ વાયર તથા ચેન્જઓવર સ્વીચ કબજે કરવામાં આવેલ હતી. બનાવ સમયે ઈલેકટ્રીક આસીસ્ટન્ટ રાહુલભાઈ હાડાએ સલામતીના સાધનોનો ઉપયોગ કરેલો અને સલામતીના પગલા લીધેલ હોવાથી તેઓને હળવો વીજશોક લાગેલ હતો. પરંતુ જો સલામતીના પગલા લીધા ન હોત કે સલામતીના સાધનોનો ઉપયોગ કરેલ ન હોત તો આરોપીની ગુનાહિત પ્રવૃતિના કારણે પ્રાણઘાતક અકસ્માત થવાની શકયતા હતી. આરોપીએ ફરીયાદ હકીકત મુજબ વીજ કંપનીની વીજ લાઈન સાથે ચેડા કરેલા છે. આરોપીના ગુનાહિત કૃત્યના કારણે માનવ જીદગી જોખમાય અથવા તો વીજ શોક લાગવાના કારણે મહાવ્યથા થાય તેવી શકયતા હતી. આરોપીઓએ આ ગુનાહિત કૃત્ય શાંતચિતે અને સજાને પાત્ર છે તેવું જાણવા છતાં પોતાની સુખાકારી માટે કરેલ છે. પરંતુ આ ગુનાહિત કૃત્યના કારણે કોઈ વ્યકિત અવસાન પામે અથવા મહાવ્યથા થાય તો

આરોપી અન્ય ગુન્હા માટે જવાબદાર બનત. હાલના કિસ્સામાં પણ વીજ કંપનીના કર્મચારી રાહુલભાઈ હાડાને હળવો વીજ શોક લાગેલ છે. ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ કલમ–૧૩૮ ની જોગવાઈ જોતા આરોપી વિરુધ્ધ સાબીત ન કરે ત્યાં સુધી ફરીયાદપક્ષે આક્ષેપાયેલ ગુનાહિત કૃત્ય આરોપીઓએ કરેલ છે તેવું માની લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે ગુનો સાબીત કરવા માટેની મુળભૂત હકીકતો સાબિત કરેલ છે. તે સંજોગોમાં તહોમતનામા મુજબ ગુનાહિત કૃત્ય કરેલ નથી તે હકીકત સાબીત કરવા કાયદાના અનુમાનથી વિરુધ્ધ પુરાવો આરોપીપક્ષે આપવાનો રહે છે. આ ગુનાની ટ્રાયલ દરમ્યાન આરોપીઓએ તહોમતનામા મુજબ ગુનાહિત કૃત્ય કરેલ છે તે સબંધે વીજ કંપનીના અધિકારી અને કર્મચારીના પુરાવા રજુ થયેલ છે તે જોતા આરોપીઓની ગુનાહિત પ્રવૃતિના કારણે વીજ કંપનીના કર્મચારી રાહુલભાઈ હાડાને વીજ શોક લાગેલ છે. આ ગુનો કરવામાં આરોપી પરેશભાઈ કરશનભાઈએ મદદગારી કરેલ છે અને તેથી તેઓ પણ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ કલમ–૧૫૦ હેઠળ આરોપી રમેશભાઈ જીણાભાઈ સાથે આક્ષેપાયેલ ગુના માટે જવાબદાર બને છે.

(૨૦) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિશંકપણે સાબીત કરી શકેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપું છું. આરોપીઓને તથા ફરીયાદપક્ષને સજા અંગે સાંભળવા કામ મુલત્વી રાખવામાં આવે છે.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
(ડી.વી.પાથર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સ્પેશ્યલ (ઈલે.) જજ,
જી.દેવભુમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Code: GJ-00345)

(૨૧) આરોપી તરફે રજુઆત છે કે, આરોપીઓનો પ્રથમ ગુનો છે, આ ગુનાહિત પ્રવૃતિના કારણે વીજ કંપનીના કર્મચારીને કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને ગંભીર ઈજા થયેલ નથી કે પ્રાણઘાતક અકસ્માત થયેલ નથી. જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૨૨) ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ સામે શંકારહિત કેસ સાબીત કરેલ છે, આરોપીઓએ પોતાના ગેરકાયદેસર આર્થિક ફાયદા અને સુખાકારી માટે ફરીયાદ હકીકત મુજબ ગુનાહિત કૃત્ય કરેલ છે, વીજ કંપનીના કર્મચારીને કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને ગંભીર ઈજા થયેલ નથી કે પ્રાણઘાતક અકસ્માત થયેલ નથી પરંતુ આ ગુનાહિત પ્રવૃતિના કારણે ગંભીર ઈજા અથવા પ્રાણઘાતક અકસ્માત થવાની શકયતા હતી. જેથી આરોપીઓની આ ગુનાહિત પ્રવૃતિ હળવાશથી લઈ શકાય નહી અને કાયદા મુજબ સજા કરવા રજુઆત કરેલ છે.

(૨૩) સમગ્ર રજુઆતો જોતા આરોપીઓનો આ પ્રથમ ગુનો છે. આ ગુનાહિત કૃત્યના કારણે વીજ કંપનીના કર્મચારીને કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને ગંભીર ઈજા થયેલ નથી કે પ્રાણઘાતક અકસ્માત થયેલ નથી. આમ છતાં ગંભીર ઈજા કે પ્રાણઘાતક અકસ્માત થવાની શકયતા હતી તે હકીકત અવગણી શકાય નહી. આરોપીઓ ખેડૂત છે અને ખેતીકામ કરે છે. આ સંજોગોમાં આરોપીઓને કાયદા મુજબ દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) આરોપી નં.(૧) રમેશભાઈ ઝીણાભાઈ કછટીયા તથા આરોપી નં.(૨) પરેશ કરશનભાઈ કછટીયાને બી.એન.એસ.એસ. ૨૦૨૩ કલમ–૨૫૮ (૨) અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ,

૨૦૦૩ની કલમ–૧૩૮ તથા કલમ–૧૫૦ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો ૬ (છ) માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ અદાલતમાં રજુ થયેલ ન હોય વીજકંપનીએ નિયમ અનુસાર તેનો નિકાલ કરવો.

(૩) આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૪૬૮ મુજબ સેટઓફનો લાભ આપવો તથા કેદની સજા સાથે ભોગવવી.

(૪) બી.એન.એસ.એસ. કલમ–૪૦૪ મુજબ આ હુકમની એક ખરી નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

(૫) બી.એન.એસ.એસ. કલમ–૪૦૬ મુજબ આ હુકમની નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, દેવભુમિ દ્વારકા, મું.ખંભાળીયાને ઈ–મેઈલથી મોકલવી.

(૬) આરોપીના જામીન અને જાત મુચરકા આથી રદ્દ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૩૦, માહે–એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ :૩૦/૦૪/૨૦૨૬
(ડી.વી.પાથર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સ્પેશ્યલ (ઈલે.) જજ,
જી.દેવભુમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Code: GJ-00345)